R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 55 Issue No. 12
March - 2013

## જનેતાનો મહિમા

'મા' શબ્દ ગુજરાતી ભાષાનું એકાક્ષરી કાવ્ય છે. સમસ્ત જગત સંન્યાસીને વંદે, જન્મદાતા પિતા પણ સંન્યાસ, ગ્રહણ કરેલા પુત્રને પ્રણમે, પરંતુ એવા વિરક્ત પાસે જનેતા આવે ત્યારે એણે પણ આસન ઉપરથી ઉતરી જનનીને વંદન કરવાં પડે એ પરંપરા માતાનો મહિમા પ્રગટ કરે છે.

ઘરમાં બેઠેલા બાપની આંતરડી કકળતી હોય ને આપણે મંદિરમાં મા જગદંબાના તેમજ ભગવાનના દર્શન કરવા કેટલાય ને કેયલાય કિલોમીટરની પદયાત્રા કરીને મા જગદંબાને કે ભગવાનને રીઝવવા મથીએ પણ એ ખરેખર રીઝે ખરાં ? બહેનો પિયરમાં હોય ત્યારે ઘરમાં બેઠેલી પોતાની જનેતા કે પરણીને સાસરે હોય ત્યારે તેના પઠિતની જનેતા રિબાતી હોય ને નવરાત્રીના દિવસોમાં મોડી રાત સુધી મા જગદંબાના ગરબા ગાતા ઘૂમ્યા જ કરે તો મા જગદંબાનું હૈયું રીઝે ખરું ?

### માવડી છે જગત્‌જનની

વહાલી વહાલી માવડી છે ગુણનો ભંડાર, મેં ઠાલી ઠાલી જાત્રાઓ કરી અપાર,
નવ-નવ મહિના માએ, જતનથી ફાળવ્યા, માડીથી તો ઘરમાં આવે રૂડો રંગ,
પારાં ઘડાવ્યા રૂડાં મોતીએ મઢાવ્યાં, ઉમળકે ઉછળી રહ્યાં અંગ અંગ,
જગતની જનની એ જ મારી છે માવડી, પ્રીત ભરી પૂર્યા જીવનમાં નવરંગ
શ્વાસે શ્વાસે ભરી જ્યાં, માંગલ્યભાવના,
કેમ કરી વિસરાશે વાત્સલ્ય રગં, હેલીઓ વરસે ઉમંગની. વહાલી....,
હાથ ઝાલી હળવેથી પગલાં પડાવ્યા... બલિહારી એવી માતૃરંગની વહાલી...,
બાળકની સ્થિર કરે, ડોલતી નાવડી, અંગ-અંગ ખૂબી માતૃરંગની. વહાલી...
હરતાં ને ફરતા બાળહિતની જ ચાહના, શોભા ઘણી માતાના સંગની. વહાલી...

– સંકલન

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

જ્યોતિપુંજ માધ્યમે આપેલી ત્રણ યોજનાના નીચે મુજબના દાતા પ્રાપ્ત થયા છે

૧) **Treatment for Cataract Operation Rs. 11,00,000/-**
શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ અને શ્રી નીરંજનભાઈ મોદી (કલકત્તાવાળા)
હસ્તે : શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (મેનપુરાવાળા)

૨) **Text Book Scheme for Professional Courses Rs. 7,50,000/-**
માતુશ્રી સ્વ. મણિબેન અને પિતાશ્રી વલ્લભદાસ ગડબડદાસ ગાંધીની સ્મૃતિમાં
હસ્તે : કોકીલાબેન સી. મોદી સૌજન્ય માનિકોશી

૩) **Educational Prize distribution Rs. 7,50,000/-**
શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી)
હસ્તે : રીટાબેન કૌશીકકુમાર શાહ (ચોકસી)

૪) શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને વિનામુલ્યે નોટબુક અને વિવિધ સ્ટેશનરી વસ્તુઓ આપવામાં આવે છે. તે ખર્ચને પહોંચી વળવા આપણે રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિકની ૫ વર્ષ માટે ટહેલ નાખી હતી. તે અમોને દાતા મંજુલાબેન શાંતિલાલ પરીખ (રાઠોડીયા),
હસ્તે : શ્રી નૈનેશ શાંતિલાલ પરીખ (રાઠોડીયા) તરફથી પ્રાપ્ત થયેલ છે.

આ ઉપરાંત **શ્રી જતીન નવનીતલાલ દેસાઈના સુપુત્ર શ્રી દૈશીક જતીન દેસાઈના લગ્ન પ્રસંગે શ્રી બાલાસિનોર નવયુવક સંઘને રૂા. ૧,૦૦,૦૦૦/- નું માતબર દાનનું વચન પ્રાપ્ત થયું છે.** આ દાનની રકમ, શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) જનસાથી ક્રીકેટ ટ્રોફીની યોજનામાં ઉમેરો કરવામાં આવશે.

આ ઉપરાંત **શ્રી વિપુલ બાબુલાલ ગાંધી (મુંબઈવાળા) ના સુપુત્ર હર્ષિતના લગ્ન પ્રસંગે શ્રી બાલાસિનોર નવયુવક સંઘને રૂા. ૧૧,૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયું છે.**

સંસ્થા ઉપરોક્ત સર્વ ઉદારદિલ દાતાઓ અને તેમના કુટુંબીજનોનો હૃદયપુર્વક આભાર માને છે.

આશા છે ભવિષ્યમાં પ્રેમાળ દાતાઓ તરફથી અમોને પ્રોત્સાહનજનક સહયોગ મળશે.

**પ્રમુખ : શ્રી કલપેશ સુરેશ ધારીઆ (બલબલ)** **મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૧૨ | ૨૦-૦૩-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# સગાં - વ્હાલા

**તંત્રી સ્થાનેથી**

'તુષાર બેટા આજે ફઈને ત્યાં જમવા જવાનું છે. સાંજે વહેલો આવી જજે'. Oh No Mom આજે ફ્રેન્ડની ઘરે પાર્ટી છે. યુ નો મમ્મી મને કાકાઓ કે ફઈઓની ઘરે જવું ગમતું નથી ત્યાં શું કરવાનું. Once a while દિવાળીમાં મળીએ છીએ એટલું ઘણું છે. પણ બેટા... MOM... MOM-OM સારું તારે જે કરવું હોય તે કર. આવી રીતના કેટલાક સંવાદો હવે આપણે ત્યાં સામાન્ય થઈ ગયા છે. ફોરેનમાં રહેતા એક બેને પોતાની બેનની છોકરીને પૂછયું. I Miss India very much તમે બધા માસી મામાના છોકરાઓ કેવા એકબીજાને મળો. એક બીજાની ઘરે જમવા જાવ. We Miss all these. ત્યારે પેલી છોકરીએ જવાબ આપ્યો. 'માસી એ લોકોને ઘરે ગયે તો મારે બે વર્ષ થઈ ગયા Functionમાં મળીએ છીએ ઘરે જઈને શું કરવાનું અને આજ છોકરીને પુછીએ કે તમે તમારી પેલી ફ્રેન્ડ રેખાના ઘરે કેટલી વાર જાય છે તો કહેશે Oh every week. વીકમાં એક વાર ન મળીએ તો અમને ચાલે જ નહીં અને Every Sunday તો અમે સાથે જ હોઈએ. આમ આજે આપણા ગામમાં સગાં અને વહાલા બે જુદા શબ્દો બની ગયા છે. સગાં એટલે જે Blood Relation થી સગાં બની ગયા છે. જેમાં આપણી કોઈ Choice નથી અને મિત્રો અને મિત્રોનું ગ્રુપ આપણું વહાલું બની ગયું છે. કુટુંબ મા-બાપ, ભાઈ-બહેન, છોકરા-છોકરી સુધી સીમીત થઈ ગયું છે. મામા, કાકા, માસી, ફઈ હવે ફક્ત સગાં છે સગાંવ્હાલા નહીં અને એમના છોકરા છોકરીઓ ? લાગ ફાવે તો નામે

ખબર ના હોય, અને એના પછીની પેઢી OH NO! How can I remember so many Relatives.

આ વાતાવરણ આપણે સૌ જોઈએ છીએ, હવે ગ્રુપ વધતા જાય છે. મિત્ર વર્તુળ વધતા જાય છે. હા, સગાઓમાં સરખે સરખા છોકરાઓ હોય તો મિત્ર તરીકે ગ્રુપ બની જાય પણ પછી મારા માસીનો છોકરો છે એમ નહીં. મારો મિત્ર છે. આમ કેમ? થોડુંક પૃથક્કરણ મારી રીતે કર્યુ છે.

થોડા વર્ષો પહેલાં કુટુંબો એટલા મોટા હતા કે બે-ત્રણ પેઢીના નામ ગણીએ તો એક જ કુટુંબમાં ૧૦૦ થી ૧૫૦ માણસો થાય. દરેકના નેચર અલગ, ધંધા અલગ, Status અલગ પૈસાની દૃષ્ટિએ કે મોભાની દૃષ્ટિએ. વ્યક્તિત્વ અલગ અલગ, ઘણી વાર ભાઈઓ સાથે ધંધો કરતાં કરતાં છુટા પડયા હોય. બેન બનેવી સાથે કૌટુંબિક કારણસર વાંધો પડયો હોય આમ ૧૫૦ માંથી ઘણા ઓછા લોકોને એકબીજા સાથે ખરેખર કંઈ પણ વાંધા સિવાયનો સંબંધ હોય. લગ્ન પ્રસંગે આપણને તો પૂછ્યું પણ નહીં. વહેવાર આપણે કેટલો બધો કર્યો અને એમના ઘરે લગ્નમાં એક સાડી પણ ન આપી. એની છોકરીને સારું ઘર મળ્યું એટલે આપણો ભાવ પણ નથી પૂછતી, જોઈ મોટી પૈસાવાળી કે, છોકરો બે પૈસા શું કમાઈ ગયો હવામાં ઉડવા લાગ્યાં છે ઘરે પણ આવતા નથી. કે તબિયતનું તો બહાનું, આખા ગામમાં ફરે છે આપણી ઘરે આવતાં જ જોર આવે છે. જોયું ને કંકોતરી આપવા એકલી જ આવી કેમ સગાંની ઘરે સાથે ન અવાય અને મારા જમાઈને તો કિરતનીયામાં પણ નથી બોલાવ્યા હું મારી છોકરીને મુકીને એના ઘરે જવાની નથી. ભાઈઓમાં... જોયું ને તમારા ભાઈએ ધંધો શરૂ કર્યો. ભાઈઓને ઊંચા લાવ્યા ભણાવ્યા ગણાવ્યા અને માંદા પડીને છ મહિના ઘરે રહેવાનું આવ્યું એમાં પેટમાં દુઃખી આવ્યું તે છુટા થવાની વાતો કરે છે. અમારો છોકરો નાનો એથી શું થઈ ગયું. બધું એમના છોકરાએ પડાવી લીધું છે મારા બિટ્ટુનું શું યે થશે. સગાઓ ભેગા મળે તોયે આજ વાત તને ખબર છે. પેલા કોકીલા માસીની ઘરે ગઈતી મને કે ઘણા વર્ષે દેખાયા ને કંઈ? તેં એ કેટલું આવી ને ઊંધા થઈ ગયા અને બધી પંચાત કરી લીધી વહુનું શું છે ને જમાઈનું શું છે. એમે નહીં કે જમીને જજો કે સુરેશકુમારને અહીં બોલાવી લો સાથે જમીશું. પછી એમના ઘરે જવાનું શું મન થાય. આમ કૌટુંબિક મતભેદ, સારા ખરાબ પ્રસંગે થયેલા ખરાબ અનુભવોના કારણે સગાઓ એક બીજાથી દુર થવા લાગ્યા છે. ભાઈ-બહેનો સુધી તો ઠીક પણ એમના છોકરાઓ સુધી એક બીજાને બાંધતો પ્રેમનો તંતુ તૂટતો ગયો અને સગાંવ્હાલામાંથી ફક્ત સગાં રહી ગયા. બીજી બાજુ સરખા ભણતરવાળા કે સરખાં Interest વાળા, સરખાં Status વાળા અને સરખાં Aim વાળા મિત્રો વધુને વધુ નિકટ આવતાં ગયાં એમને એકબીજાની વચ્ચે મા-બાપના વાંધા વચકા કે વણસેલા સંબંધો પરાણે ટકાવી રાખેલા સંબંધો વચ્ચે નથી આવતાં તેઓ મળે ત્યારે એકબીજાની પંચાત નહીં પણ શોખની પોતાના Achivementની પોતાની તકલીફોની ને એના ઉકેલની વાતો વિના કોઈ સંકોચે કરે છે. એમને મિત્રો સાથે કે એમની પત્ની સાથે આમ ન બોલાય કે આમ ન કહેવાય એવા બંધનો નથી આવતા. સરખી ઉંમરના હોવાથી એમના પણ રસના વિષયો એક જ હોય છે. ખાસ તો મિત્ર મળે છે ત્યારે Mind લગભગ Fresh થઈ જાય છે. એણે મને આમ કહયું અને મારી

મમ્મી માટે આમ બોલ્યા તે પંચાતો થઈ એવી બધી ફરિયાદો લઈને ભારે મગજે ઘરે જવાનું બનતું નથી.

હવે તો જો કે મિત્રવર્તુળોમાં પણ બે રીતના ગ્રુપ થવા લાગ્યા છે. એક ખાસ મિત્રોનું નાનું ગ્રુપ જેઓ એક બીજાની વધુ નજીક હોય અને પોતાના વિચારો તકલીફ એના ઉકેલની આપલે કરે એક બીજાના ઘરે અથવા બહાર દર અઠવાડિયે કે એમ મળતાં હોય અને બીજું મોટું ગ્રુપ જેવું કે જેમાં વર્ષનું ભંડોળ ઉઘરાવતું હોય અને Fixed Programme માં મિત્રો એકબીજાને મળતા હોય જે કહેવાય તો મિત્રોનું એક વર્તુળ પણ જેમાં એકબીજા સાથે દિલનો સંબંધ ન પણ હોય પણ સારા ખરાબ પ્રસંગે એકબીજાની ઓથ મળી રહે. આમ આજે એવું થાય છે કે, સગાંવ્હાલામાં જે સગાં છે તે વ્હાલા નથી અને જે વ્હાલા છે એ સગાં નથી. જો કે આ પરિસ્થિતિને સમજીને કેટલાક કુટુંબોમાં મહિને એકાદ વખત કુટુંબોની મિટિંગ એકબીજાને ઘરે થાય છે અને એમાં સગાંવ્હાલા થઈને મળે છે. પણ આપણી આવતી પેઢી આ બંને વચ્ચેનું બેલેન્સ કેવી રીતે સાચવે છે એ જોવાનું છે. લોહીના સંબંધો સચવાય છે કે હૃદયના.

**–નિખિલ પરીખ**

**(૨૦૦૬)**

# ‘જ્યોતિ પુંજ’ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
‘જ્યોતિ પુંજ’ પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૨૦.૩.૨૦૧૩ (સહી) : નિખિલ બી. પરીખ**

**પ્રકાશક : ‘‘જ્યોતિ પુંજ’’**

**આપણી વચ્ચે અભરખો એકસોડમનો હતો !**

**વાંક ક્યા તારો કે મારો વાંક મોસમનો હતો !**

## મને ફાગણનું એક ફૂલ આપો

રોજની ભાગમ ભાગમાં માણસ થાંક થાંક આજે
હોળીમાં કોને જઈને રંગીએ ?
દીલડાના રંગથી રંગવાને સારું
એક માણસ મળે તો પ્રેમ કરીએ !
ડોલરને પાઉન્ડની પકડીને આંગળી
ફરવાને નીકળ્યો માનવ
કેસુડાના ફૂલે ટહુકો કર્યો,
પણ ના કાન સુધી પહોંચ્યો રવ !
સુંકા હૈયાને ફીક્કા થોબડા એને તે કેમ કરી રંગીએ
દીલડાના રંગથી રંગવાને સારુ
એક માણસ મળે તો પ્રેમ કરીએ ?
ટીવી સિરીયલની છોકરી છોકરાને મારે રંગીન પીચકારી
મોલના સેલ અને કલબના પીણા
ઉજવાઈ ગઈ આજે હોળી !
સૂંકા ગળામાં એક ટીપું પડે તો
હોળીના ફાગ આજે ગાઈએ
દીલડાના રંગથી રંગવાને સારુ
એક માણસ મળે તો પ્રેમ કરીએ !
ગુલાબી ફ્રોક અને નેવી બ્લૂ સૂટ કોઈ કાળો,
ધોળો કોઈ ફીક્કો
પણ દીલડાનો રંગ તો બધાનો રાતો.
કેમ સમજાતો નથી આ નાતો ?
રંગ ની જરૂર નથી, પ્રેમનો આ રંગ છે.
ચાલ સૌને રંગી દઈએ !
દીલડા ના રંગથી રંગવાને સારુ
એક માણસ મળે તો પ્રેમ કરીએ !

– જય વસાવડા.....

ફેબ્રુઆરી મહિનાની શરૂઆત થઈને ઘરમાં આવનારા ફગવા ઉત્સવની ચર્ચાઓ ચાલુ થઈ ત્યારે દિલમાં લાગણી થઈ કે કોંક્રિટના જંગલ રૂપી શહેરમા વસંત, ફાગણે ચૂપકેથી પ્રવેશ કરી લીધો છે. આમ તો આપણી સવાર આજકલ પંખીઓના ટહુકાઓથી નહી પરંતુ રેડિયો, ટી.વી.ના અવાજો સાંભળીને થાય છે. કંઈ મોસમ ચાલે છે એ હવે તો ટી.વી. પર મોસમ આજતક મા ખબર પડે છે. આમ તો ફાગણ વાળું ગુજરાતી કેલેન્ડર ક્યાં આપણને યાદ છે. આપણામાંથી કેટલાના બાળકોને કારતક માગસર વાળું ગુજરાતી કેલેન્ડર આવડતું હશે ? ઋતુઓ પણ હવે તો, ચિકન પોક્સ, વાઈરલ ફીવર જેવા રોગો ના નામે ઓળખાય છે. આમ તો મોસમ આવે અને જાય છે દરેક મોસમ પોતાની રીતે ખાસ છે દરેક ને પોતાનો આગવો મિજાજ છે. પરંતુ બધામાં વસંતની મોસમનો અંદાજ કંઈક ઓર હોય છે. કવિ સુરેશ દલાલ લખે છે. ફાગણનો ફાગ અને ટહુકાઓનો સાદ

પછી મલકયા વિના તે કેમ રહીએ
કામણ કીધાં છે અહીં કેસુડે એવા
કે મહેકયા વિના તે કેમ રહીએ

વસંત ઋતુ આવતાજ સમગ્ર સૃષ્ટિ જાણે દુલ્હનની જેમ શણગાર સજે છે. પાનખર વિદાય થતાં જ ઝાડ પર નવા પાન ફૂલો ખિલે છે. જાણે લાગે કે કુદરતે રંગોથી સૃષ્ટિને રંગી નાખી છે. આપણા મન માં કે વન માં કોયલ રૂપી વસંત ટહુકી રહી છે. કવિસુંદરમ લખે છે

**ફૂલોની ફોરમની પકડીને આંગળી,**
**ફરવાને નીકળ્યો પવન**
**પાન-પાન, ડાળ-ડાળ ઝુમી ઉઠયાને**
**ઝુમી ઉઠયું આખુ ઉપવન !**
**આ ડાળ ડાળ એ બીજુ કશુ નથી પણ રસ્તા વસંતના**
**આ ફૂલો એ બીજુ કશુ નથી પણ પગલા વસંતના !**
**કે ફાગણ આયો ! મને ફાગણનું એક ફૂલ આપો !**
**રસિયો ફાગણ આયો !**

ફાગણ ફોરમતો આવ્યો ! જેવી ફાગણની કેટ કેટલીયે કલ્પનાઓને અધુરા પણ મધુરા સપનાઓની સલામ.. બાકી આપણા જીવનની ફાગણમાં તડકો છે, ગરમી છે, મોંઘવારી છે. મજદુરી છે. પાણીની તંગી છે. આખા ફાગણના મૂડનો કોળિયો કરી જતી પરીક્ષાઓ છે.

ટી. વી. ચાલુ કરીએ ને ડુ મી એ ફેવર લેટસ પ્લે હોલી ! કે કલર મી રેડ ! સાંભળીએ ત્યારે ખબર પડે કે ભાઈ હવે હોળી નજીકમાં છે. આજકાલ તો આપણા ચીક અને ડયુડ આપણી સંસ્કૃતિ ભૂલીને વેલેન્ટાઈન દિવસ મનાવી રહી છે. લોકો એ દિવસે પ્રેમીઓને ફૂલો આપીને પોતે તો કોરા ને સૂકા રહે છે. તેના કરતા ભારતીય સંસ્કૃતિની હોળીની મજા તેનો મહિમા તેમા રહેલી ભાવના, ગરીબ પૈસાવાળા સૌને પરવડે તેવા ગુલાલને કેશુડાના રંગોની પીચકારીથી રમવાનો આનંદ માણી જુઓ જે તરવરાટ અને થનગનાટ શહેરોમા વીકએન્ડ ગ્રાન્ડ પાર્ટીઝ માં હોય છે. એ અનુભૂતિ એક જમાનામાં કેવળ ફાગણમા થતી. સ્ત્રી, પુરુષ, બાળક, વડીલ, દોસ્ત, દુશ્મન બધા ભેદ ભૂલીને ધૂળેટી પર બસ સાથે નાચવાનું, ઝુમવાનું એકબીજાને રંગવાના એકબીજાને રગદોડવાનું, ભીંજાવાનુ અને ભીંજવવાના, ચીતરવાનુ અને ચીતરવાના ન કોઈ રોકે ન કોઈ ટોકે બસ રંગાઈ જવાનું.

વસંતની મંજરી ફક્ત આંબે થોડી જ આવે છે. જીવનમાં પણ યુવાવસ્થાની ઝણહણાટીની મહોર બેસે છે. આ ફાગણી મહોત્સવની તો મજા એ છે કે એમા અંગે અંગ હોળી રમવાના જંગમા ભીસાય છે. કોઈ ઓઢણી સરે ને કોઈ ઝંભ્ભો ચીરાય, કોઈ પીચકારી છૂટે ને કોઈ ગુલાબી આંખોના જવાબી સરનામાવાળી પાંખો ફૂટી નીકળે.

કવિ અમૃત ઘાયલ લખે છે

**એક રસનું ધોયું એમ મને ટચ કરી ગયું !**
**ખંજરો હૃદય માં જાણે કોઈ ખચ કરી ગયું !**
**એ સુર્યનેય આજ તો સુરજ મુખીનું ફૂલ**
**બહુ ઢીલો ઢફ ને છેક પીળો પચ્ચ કરી ગયું !**

આ ફાગણી તાજગીના વાયરા તન અને મનને ઉમંગોથી તરબતોર કરી દે. ઝુમતા કરી દે. જ્યારે પ્રકૃતિ જ આપસ ખંખેરીને નવલ શણગાર સજે ત્યારે ઋતુઓની અસર યુવા માનસ પર થયા વગર રહે જ નહીં.

કવિ રાજેન્દ્ર શાહ યુવાનો માટે લખે છે.

**કામણ કીધા છે અહીં ટહુકા એ એવા કે**
**રોજ Log-on થયા વિના તે કેમ રહીએ**
**રંગને સુગંધના ભીના તહેવારમાં**
**તમને રંગ્યા વિના તે કેમ રહીએ.**

ને આવી કંઈક કલ્પનાઓ જે ઋતુ માટે થતી હોય ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને તો કેમ ભૂલાય. ભગવાન શ્રીકૃષ્ણ ગોપી ઓ જોડે વ્રજમાં ફાંગ ખેલતા હોય તેનું ચિત્ર આંખો સમક્ષ તાદ્રશ્ય થઈ જાય છે. ખરેખર

જીવનમા પણ ફાગણ ના ફાગ ખેલવા કાનાની રાધા થવું પડે ને કેશુડાના રંગમા રંગવા ગોપી થવું પડે. બાકી આપણે બધા તો પોતપોતાના ફલેટમાં મન ના બારી બારણા બંધ કરીને બેસી ગયા છીએ. આપણી યુવા પેઢી ને ડીસ્કો, પાર્ટી મા જવાનો દારૂ પીવાનો છોછ નથી પણ હોળીના રંગમાં રંગાવવાનું ગમતુ નથી.

શું તમને નથી લાગતું ? જીવન ના પાનખરની થપાટ ખાઈ ગયેલા સુષ્ક જીવનમાં વસંતના રંગો આપણે જ પૂરવાના છે.

તો ચાલો મિત્રો સાથે, જીવન સંગીની સાથે, પ્રેમ, પ્રેમિકા સાથે ટોળી જમાવી દો ને. આવનારી હોળી માટે પીચકારી અત્યારથી જ સજાવી લો ને જીવતરના રંગમાં રંગાઈ જાઓ. બાકીતો રંગ સાચો, સંગ સાચો, બાકીનો સંસારે થાય ખોટો !

આપ સૌને આવનારી ધૂળેટીની ખૂબ ખૂબ... રંગભરી... પીચકારી ભરી... ગુલાલભરી.. ધાણીભરી શુભેચ્છાઓ.

જગદીશત્રિવેદી લખે છે.

**રંગ કહે છે રંગાઈ જાઓ, હોળી ના દિન આવ્યા સાજન**

**કેશુડા ના જંગલ માથી વાસંતી રંગ લાવ્યા સાજન**

**રંગ કહે છે રંગાઈ જાઓ હોળીના દિન આવ્યા સાજન**

**સ્પર્શપિયુનો અબીલ છે ને નજરપિયુની ગુલાલ**

**આ હોળી મા તો જે જીત્યા એ હાર્યા અને**

**હાર્યા એ ફાવ્યા સાજન**

**રંગ કહે છે રંગાઈ જાઓ હોળીના દિન આવ્યા સાજન...**

**દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

# પૂજા કરતા કર્તવ્ય શ્રેષ્ઠ છે

ત્રિલોકમાં મારે કાંઈ કરવાનું નથી, તેમ જ મને કાંઈ અપ્યાપ્ય નથી, તથાપી હું પણ લોકોપકારાર્થે કર્મ કરું છું. (અધ્યાય ૩ - શ્વોક ૨૨)કોઈક પ્રસંગે લતા મંગેશકરની ઘરે જવાનું થયું ત્યાં અનેક નોકર નોકરાણીઓ હોવા છતા 'ચા' તમણે જાતે રસોડામાંથી મને આપી, ગામના ધનિષ્ટ કુટુંબની ફેકટરીની બહારથી પસાર થતા મેં તેમને જણાવ્યું તેમને અંદર આવવાનો આગ્રહ કરી ફરજ બજાવી એટલું જ નહી કામોમાં વ્યસ્થ હોવા છતા મન મુકીને વાતો કરી ને જતાં ત્રણ માળ ઉતરીને છેક ફેકટરીના દરવાજા સુધી વળાવવા આવ્યા. અશોકવર્ધન બિરલા ને ત્યાં ટાઈમ્સઓફ ઈન્ડયાના જણાવ્યા પ્રમાણે ૩૩ નોકરો છે પણ તેમના ત્રણે બાળકોને બહાર કે શાળામાં જતા તૈયાર કરવું તેમજ જમાડવાનું તેમની પત્ની જાતે જ ફરજ બજાવે છે.

જયદ્રથ પર્વમાં એવું વર્ણન છે કે યુદ્ધમાં થાકેલા અશ્વોના શરીરને વાગેલા બાણના ઘાવ સાફ કરી તેમાં ઔષધ ભરીને કૃષ્ણે હાથ ફેરવીને અશ્વોને જાતે ખવડાવતા. આ કામ તેમના અનુચરો પાસે કરાવી શક્યા હોત, પણ તેવું નહી કરતાં તેઓ પોતે કરે છે. કૃષ્ણે ઈન્દ્રને વરસાદ માટેનો યજ્ઞ બંધ કરાવીને એ યજ્ઞ સામગ્રી ગાયો અને ગોકુળ માટે વાપરી અને ઈન્દ્રને વરસાદ વરસાવવાની તેમની ફરજનું ભાન કરાવ્યું.

સ્વામી વિવેકાનંદે કહયું છે કે જે પૂજા ને જપ તપ કર્યા કરે પણ તે વિદ્યવાન આસું ના લુસે ને ભૂખ્યાને મોમાં રોટલો ના મુકે તે કર્તવ્યહીન છે. સતી અનસૂયા પતિની સેવાને જ પોતાનું કર્તવ્ય માનતી, ગૌતમ બુદ્ધને કરુણામાં, મહાવીર સ્વામીને અહીસામાં, કર્ણને દાનમાં, શ્રી કૃષ્ણને પ્રેમમાં, શ્રી રામને સત્યપાલનની કર્તવ્યતામાં, શબરીને તપમાં કર્તવ્યતાની શ્રેષ્ઠતા દેખાઈ, જલારામ બાપાને સેવામાં કર્તવ્ય નિષ્ઠતા જોવા મળી.

જેણે જેણે ધર્મનું આચરણ કર્યુ છે. નિષ્ઠાથી કર્તવ્યનું પાલન કર્યુ છે તેમને જપ, તપ, પૂજા, આરતી, પ્રસાદ, ભક્તિ યાત્રામાં પડયા જ નથી. ઈશુ ભગવાને કહયું કે પડોશીને પ્રેમ કરી હમર્દદી જતાવો. રવિશંકર મહારાજે કહયું ઘસાઈને ઉજળા થઈયે કોઈયે કહયું ભલા થાવ અને ભલુ કરો કોઈયે કહયું જે આપે રૂકડો તેને પ્રભુ આપે ડુંગરો. આ ઉપરથી ફલીત થાય છે ફૂલની માળા, અગરબત્તી, પ્રસાદ, ધૂપ, કરતાં કોઈ દુઃખીયારાની સેવા કરવી. ભુખ્યાને રોટલો આપવો, રોગીની સારવાર નહીતો પુછ-પરછ કરી હમદર્દી જતાવવાની કોઈના આસું લુસવાથી બીજું કાંઈ ઉત્તમ નથી.

આજે ક્રીયાકાંડ એક ધંધો થઈ ગયો છે. જે મંદિરો આસ્થાની આધારે ઉભા છે તેની આસપાસ કીડી મકોડાની જેમ દુકાનોનો રાફડો ફાટી નીકળે છે. ગર્ભગૃહમાં જઈ દર્શન કરવાની રીતસર ભાવ બોલાય છે. વી.આઈ.પી.ઓ રૂપિયા આપી પહેલા દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાય છે. એ ઈશ્વરને કરોડો રૂપિયાનો મુગટ ચઢાવે છે અને મંદિર બહાર કે નીચે ઉભેલું ભૂખ્યુ તરસ્યુ બાળક ખાય છે ઠોકરો અને પીયે છે આંસુ...

આથી જ અમૃત ઘાયલે કહયું છે કે

ચડી આવે કદી ભૂખ્યો, કોઈ હાંકી કાઢે છે  
આવે કાર પાસે તો કોઈક કાચ ચઢાવે છે  
નથી કાંઈ પેટ જેવું તેને અન્નકુટ જમાડે છે  
કરાવે છે મકાનો ખાલી, મંદિરો બાંધવા માટે

અહીં માનવીને મારી લોક ઈશ્વર જગાડે છે.

આપણે ધર્મ શું છે તે જાણવા ફાંફાં મારતા જ રહીએ છીએ ને અસલ માનવતા ચૂકી જઈએ છીએ. રેડીયો ના સ્પેરપાર્ટસ ખોલ્યા પછી ગોઠવતા આવડતું નથી એટલે રેડીયો ગુમાવવો પડે છે. જીંદગીભર ધર્મને વાંચનમાં જાય છે પગયાત્રા કરે છે. મંદિરો ને મસ્જીદોમાં જાય છે પણ અસલ માનવ ધર્મ ચુકી જાય છે. ચકલીને ચોખા, માછલીને ધાણી, કુતરાને બિસ્કીટ, ગાયને ઘાસ, કબુતરને ચણા, કાગડાને ગાંઠીયા કે ટુકડો રોટલી આપવાથી આપણને શું ફરક પડે છે? આપણું શું ગયું? ને શું મળ્યું? એક મુંગા જીવની આંતરડીનો ખાડો પુરવા વિધિએ આપણને બે હાથ આપ્યા છે. ૧૦,૦૦૦ થી વધુ પગાર ધરાવનારા વેઈટરોને રૂા. ૧૦ થી રૂા. ૧૦૦ ટીપ આપીયે છીએ પણ તેજ હોટલની બહાર ભિક્ષુકને હટ્ટ ને છટ્ટ કરી તુચ્છકારી નાખીએ છીએ.

કૃષ્ણે તપની બાબતમાં સીધીને સટ વાત કરી દીધી છે. કે તપ તો રચનાત્મક જ હોય એક માત્ર પરલોકને ધ્યાનમાં રાખીને શરીરની બે હાલી કરવી તે તેમને માન્ય નથી. તેમણે તિતિક્ષાને તપનું પૂર્વ રૂપ કહયું છે. તિતિક્ષા એટલે અનુભવાતા દરેક દુઃખના જે કોઈ કારણો છે તે સહી કરવા અલબત હસીને, વિવિકપૂર્વકની તિતિક્ષા સુખને લાંબા સમય સુધી સાચવવાની શક્તિ સીંચે છે.

કૃષ્ણને કર્મ ત્યાગ, સંસાર ત્યાગ, સુખ ત્યાગ, સ્વજનોનો ત્યાગ, કે સંપત્તિનો ત્યાગ કરીને આત્મ કલ્યાણ કરી લેવાનું કહયું જ નથી. કર્મમં રત રહેવું, સ્વજન સાથેના સંબંધો ને પ્રેમમય બનાવવા અને મળેલી સંપત્તિનો સારા રસ્તે વિનિમય કરતા રહેવાનું કહયું છે. કર્મ કરવાની વિદ્યાનું રહસ્ય એજ છે કે દરેક કાર્ય પછી ભલેને તે યુદ્ધ પણ કેમ ન હોય પરંતુ તેને સુઃખ-દુઃખ, જય-પરાજયની દ્રષ્ટિએ ન જોતા કર્તવ્યભાવથી જોવાનું છે અને કરવાનું છે.

આજે કૃષ્ણ ભક્તો કૃષ્ણભક્તિમાં લીન છે. સારી વાત છે. પરંતુ એમનો નિષ્કામ કર્મયોગ ભૂલીને જે ભક્તિ થાય છે એનું શું? ઉપવાસ કરવાથી કે પૂજા થી નહિ. પણ ધર્મના નામે થતા ખર્ચા, કર્મકાન્ડ અને ધતીંગથી દુર રહેવા કૃષ્ણનો સંદેશ છે. કૃષ્ણના કર્મનો કે વચનોનો મર્મ સમજવામાં આપણે કંઈ કાચુ કાપીયે છીએ. કૃષ્ણે પોતાના જીવનમાં કર્તવ્યને જ મહત્વ આપ્યું છે. હજારો વર્ષોથી જન્માષ્ટમી ઉજવાતી રહી છે. અને હજી હજારો વર્ષ ઉજવાશે પણ એટલું યાદ રાખીયે કે કૃષ્ણને કર્તવ્ય ખપે છે, પૂજા નહી, એ કર્તવ્યપાલન દ્વારા તેમની ભક્તિ કરીયે.

**- શૈલેષ કી. દેસાઈ**

# All Round The World

પૃથ્વી ગોળ છે અને વિદત છે, તે રાઉન્ડ ફરે છે. સૂરજ દાદાની ફરતે-સૂરજદાદા પણ ગોળ છે. પૈડું પણ ગોળ છે અને આપણને સૌને વ્હાલો એવો રૂપિયો પણ ગોળ છે. પાણીનું બિંદુ પણ ગોળ છે. બધાં જ ગોળ આપણા જીવનનું ચક્ર પણ ગોળ છે. ગોળ પાણીનું બિંદુ આપણું જીવન ચક્ર ચલાવે છે. પાણી વિના કશું જ શક્ય નથી. મનુષ્યનું જીવન, વનસ્પિતિનું જીવન, કર જીવંત સૃષ્ટિનું જીવન એ માત્રને માત્ર પાણીનું બિંદુ છે, બ્લડ સક્યુલેશનમાં, રસોઈમાં દવાઓ બનાવવામાં, અનાજ ઉગાડવામાં, જેટની ઉર્ઝા પેદા કરવામાં અને સવિશેષ અગ્નિનું શમન કરવામાં ઉપયોગી થતું રહે છે. સર્વે બાંધકામમાં પાણીનું ગોળ બિંદુ અને ગોળ રૂપિયો જ આધારી છે. All around the world આ 'ગોળ' જ આધારી અને આભારી છે.

આજ રીતીએ પ્રભુજીનું સુદર્શન ચક્ર જન્મ મરણનું ચક્ર ચલાવે છે.

'શ્યામ દીન મતિ, શ્યામ દીની ગતિ'

પાપ પુણ્યનો તોલ કરતો જાય અને એ જીવનનું ચક્ર ચલાવતો જાય, હવે પ્રભુજીએ તો ગોળાકારની મહત્તા કરાવી, કાયમી બક્ષિસ રૂપે આંખની કીકી આપી છે અને એ પણ ગોળ આપી છે, તો કીકી કાળી પણ આખી દુનિયાને અને તેજને એ કીકી સ્વરૂપ આપી જાય છે, આ સ્વરૂપ એટલે કે આપણને ગમતુ કરવાની પ્રેરણા આપી જાય છે. કદરૂપ આપણને પ્રિયકર નથી. કેમેરાના નાના લેન્સની જેમ આપણી નાની અને કાળી એવી કીકીમાં દુનિયાની તસ્વીર ઉભરે છે. અને તેજ પણ સમાવે છે. પરંતુ ... પ્રભુજીના કર્મના તોલમાં કંઈક કીકીઓને અંધકારથી ઘેરે છે. બ્લાઈંડ બનાવે છે અને આ અંધકારને દૂર કરવાની ક્ષમતા આપણી પાસે છે. આંખોનું દાન કરી આપણે એ અંધારી કીકીમાં જ્યોત ભરી શકીએ છીએ, માત્રને માત્ર આપણી મરજીથી જ્યારે 'હા' ભણાય અને તે પણ આપણા મરણ બાદ આપવાની છે આંખ.

મરણ થાય કે આંખો પર ભીના રૂના પોતા મૂકો. માથાનીચેથી ઉશીકું કાઢી લો. અને ફોન કરો એટલે આઈ ડોનેશનો કાર્યરત ડૉકટરો આવીને આંખો લઈ જઈ શકશે. મર્યા પછીનું આ વિના મુલ્યનું દાન કરોડો રૂપિયાના દાનથી કંઈ અધિક ગણુ મુલ્યવાન તોલાય છે. ૨ થી ૯૨ વર્ષના આંખો, મોતિયા કઢાવ્યા હોય તો પણ અને મરણ થયા બાદ છ કલાકમાં આંખો અપાઈ જવી જોઈએ. બીજી અંધ વ્યક્તિની આંખમાં જ્યોતિ પ્રકાશ ફેલાય એ માટે તમારી આંખો મર્યા બાદ ડોનેટ કરી કરોડો રૂપિયા ખર્ચી ન મળે તેવું આ અમોલ પુણ્યનું કામ જરુરથી કરજો.

તમારા જીવનનું રથનું પૈડુ ગોળ છે. ગાડાનું ગોળ પૈડું ગાડાને આગળ ધકેલે છે, એજ રીતીએ સાયકલ, મોટર બસ, ટ્રેનનાં પણ ગોળ વ્હીલ હોય છે. અને એ રોલ થાય અને આગળ ધકેલાય છે. એજ રીતીએ શ્રીકૃષ્ણ ભગવાનનું સુદર્શન ચક્ર ગોળ ફરતાં માનવ જીવન રોજ બરોજ આગળને આગળ વર્ષો વિતાવે છે. સર્વે જીવોને કર્માનુસાર આગળ પાછળ મૃત્યુ મળતુ હોય છે, કોઈને તકલીફ સાથે તો કોઈને સરળ મોત મળતું હોય છે. આ નતીજો ભગવાન પોતાની મરજીથી નથી લેતા પણ આપણા જ કર્મને તોલે છે.

રસ્તો ખાબડખુબડ વાળો હોય તો ગાડાનું પૈડુ સરળતાથી નથી ચાલતું, જ્યારે રેલના પાટા હોય આ સારી સડક હોય તો ગાડી પુરપાટ ચાલે, આજ રીતીએ પ્રભુજીનું સુદર્શન ચક્ર આપણા જીવનની સડક પર કર્માનુસાર ફરતું રહે છે. હવે મુળ વાત કે આપણે ક્યો રસ્તો આપનાવીશું ? કર્મનો તોલ પ્રભુજી સરળ રીતે કરે

એ માટે આપણે સુકર્મ કરવા તત્પર થવું જ રહયું. પ્રભુજી રાજી રહે એ માટે હંમેશ પ્રયત્નશીલ રહો. તમારો બોલ એટલે કે વાણીથી, મનથી અને સુકર્મથી પ્રભુજીને નવાજો, બાકી સમજુને ઈશારો કાફી છે. પ્રભુજીની આ યુનિવર્સ, આ પૃથ્વીના પેટાળમાં પાણી, ડુંગરાના પેટાળે પાણી ભર્યા અને પાણીની મહત્તા તો નાનેરા, મોટેરાં જાણી જ ચૂક્યા છે એજ રીતે ઝાડ, પાન, ફલ, ફૂલ, રૂ, અનાજ એટલે કે રોટી, કપડા, મકાન અને જીવન જરુરીયાતની સર્વે ચીજો આપણને બક્ષિસ કરી છે. તેમાં રાય, રંકનો ભેદ પ્રભુજીને મન નથી, એ વિકાર આપણી આંખની કીકીમાં છે, જે ગોળ છે અને પ્રકાશથી ભરેલી છે અને એ દૂર કરવો જ રહ્યો.

હવે પ્રભુજી તમને સર્વેને અતિશેં વ્હાલા છે. તમે તેની સેવા કરો છો ! દર્શન કરો છો, તો આંખની કીકીને દિવ્ય જ્યોતથી ભરેલી જ રાખજો. તેમાં માનવ માત્રની તરફ અમી ભરેલી રહે એ માટે, માનવી માત્રની, પશુ પંખી, સર્વેના જીવન સુલભતાથી સભર રહે, તેમાં કદી ઓટ, ખોટ ન આવે એવું મનથી, કર્મથી અને રૂપિયાથી જે રીતે તમે અપનાવી શકો. કે એ રીતીએ તમારા કર્મનું પલડું ભારી રહે એ વિચારોને અમલમાં મૂકો. "All Arond The world'ની મહત્તા સમજી, પ્રભુજીની અંગુલીની ધરી પર ફરતું સુદર્શન ચક્ર જે ગોળ છે અને ગોળ ફરતું જ રહે અને એનું શ્રેય તમને ફલિત થાય એજ અભ્યર્થના.

ગોળ જેમ મીઠો છે એ જ રીતે ગોળ નાનીશી કીકી છે તો રંગે કાળી, છતાં તે તેજ ભરેલી અને સારી સૃષ્ટિને આકૃત કરી શકે છે, એજ રીતે પ્રભુજીના સુદર્શનમાં તમારું જીવન સુસંસ્કૃત રીતે આકૃત કરી તમારી જીવન શૈલી 'ગોળ' જેવી મીઠી અને દિવ્યતાથી ભરી સુકર્મોને બટોરતાં જ રહો. પ્રભુજીની અમી નજરથી. તમારું જીવન ઝંકૃત કરો એજ અભ્યર્થના.

# ભરોસો રાધાવરનો ભારી

ભરોસો મને રાધાવરનો ભારી
ભરોસો મને રાધાવરનો ભારી
લગન મને લાગી તારી
મોહની મુજને તારી
તારા રંગમાં હું રાંચી
ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો
　　તું છે મારો સાંચો સંગાથી
　　પ્રેમ ભાવે કરું હું ભક્તિ
　　મુજને આશ એક તારી
　　ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો
શ્રીકૃષ્ણ ગોવિંદ ગીરીવર ધારી
ચરણે લેજો હું અવિનાશી
સૂણજો અરજી મારી
ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો

**-ઉષા એસ. ધારીઆ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬
Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# શ્રી વાડાસીનોર ગોકુલેશ સમાજ મુંબઈ

## બાલાસિનોરના ધર્માનુરાગી વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ

## વ્રજ-યાત્રા પરિક્રમા

ઉપરોક્ત સમાજના નેજા હેઠળ આ વર્ષમાં ભાદરવા મહીનામાં વ્રજ-યાત્રા યાને ચોર્યાશી કોશની પરિક્રમાએ જવાનું નક્કી કર્યુ છે.

તા. ૨૧-૯-૧૩ થી ૩૦-૯-૧૩ દસ દિવસની યાત્રા છે. ૧-૧૦-૧૩ના દિવસે મુંબઈ પાછા

લીલી પરિક્રમામાં આવતાં મોટા ભાગના સ્થળો આવરી લેવામાં આવ્યા છે. ૩૫-૪૦ યાત્રાના સ્થળો, ૨૭-૨૮ શ્રીમહાપ્રભુજીના બેઠકો અને ત્રણ નિધિના સ્વરૂપોના દર્શનનો લાભ મળશે.

ગોકુલમાં શ્રી ગોકુલનાથજીની બેઠકમાં ચરણસ્પર્શ તથા ત્રણે શ્રી મહાપ્રભુજીની બેઠકને ઝારીજી ભરવાનો લાભ લેવાનો છે. દરેકે અપરસમાં પહેરવાના કપડાં સાથે લાવવાં.

બધા દિવસનો મુકામ ગોકુલમાં છે. શ્રી ગિરિરાજ બાવાનો ‘કુનવારા’નો મનોરથ પણ કરવાનો છે.

ગોકુલમાં તેમજ મથુરામાં વિશ્રામઘાટે નિયમ લઈ યાત્રા શરૂ કરશું.

આ યાત્રઆનો બધો ખરચો વ્યક્તિ દીઠ રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર) છે. તેમાં રોજ સવાર સાંજે પ્રસાદ લેવાનો, આવવા જવાની બસોની વ્યવસ્થા રહેવા માટે રૂમોની વ્યવસ્થા. એક રૂમમાં બેજ વ્યક્તિ (કપલ) એ રહેવાનું. મુંબઈથી આવવા જવાની 2 Sleeper ની મુસાફરી, બન્ને વખત સવારે સાંજે ચા-નાસ્તો, કુનવારો, બે વખત ગેટ ટુગેધરનો ખર્ચ ઉત્સવોનું આયોજન વિ.નો. સમાવેશ થાય છે.

2 or 3 TIER AC માં આવનારાઓએ રેલ્વેનું વધારાનું ભાડુ અગાઉથી આપવું પડશે. સીનીયર સીટીઝનને રેલ્વે તરફથી મળતું કન્સેસન આવ્યા પછી આપવામાં આવશે.

માત્ર ૧૬૦ વ્યક્તિઓને લઈ જવાના છે. વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ કરવામાં આવશે. સીટો ભરાઈ જશે કે તરત બુકીંગ બંધ કરવામાં આવશે. તે પછી ૩૦ વ્યક્તિઓને વેઈટીંગમાં લેવામાં આવશે. જો સગવડ નહીં થાય તો રકમ પાછી આપવામાં આવશે. ૫ ટકા વૈષ્ણાવોને નિઃશુલ્ક અથવા કન્સેશનથી લેવાના છે. પોતાની ગાડીમાં આવનાર વૈષ્ણવોએ ગાડી માટે નક્કી કરેલો ખરચ અગાઉથી કમિટિને આપવાનો રહેશે. તેઓને બસનું રીફંડ પાછું આપવામાં આવશે નહી.

આ યાત્રામાં જે વૈષ્ણવોને જોડાવવું હોય તેમને વ્યક્તિ દીઠ રૂા. ૩૦૦૦/- (ત્રણ હજાર) એડવાન્સ ભરવાના રહેશે. સાથે એક ફુલ સારા કાગળમાં આવનારનું પૂરૂ નામ, સરનામું, ઉંમર, સ્ત્રી કે પુરુષ, ટેલીફોન-મોબાઈલ નંબર, પેનકાર્ડ યા આઈડેન્ટીટી કાર્ડની ઝેરોક્ષ, વસ્તિપત્રકનો સીરીયલ નંબર સાથે તા. ૧૩-૪-૧૩ શનિવારે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ સુધી અને તા. ૧૪-૪-૧૩ ને રવિવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી સત્સંગ મંડળની રૂમ, અમૃતવાડી, વી.પી. રોડ અપી જવું. રોકડાની ૫૦-૧૦૦ કે ૫૦૦ની નોટોજ સ્વીકારવામાં આવશે. રકમની રસીદ તુરત આપવામાં આવશે. તે વખતે યાત્રાની બાકીની બધી વિગતો, માહિતી, સૂચનાઓ વિ.નો પરિપત્ર વિ. આપવામાં આવશે. જતાં પહેલાનું ગેટ ટુ ગેધર માટે સ્થળ , દિવસ, વિ. જણાવવામાં આવશે. વધુ વિગતો હવે પછી.

**નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ** **મંજુલ શૈલેશકુમાર ધારીઆ - મંત્રી**

# શ્રી બાલાસિનોર કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પો યોજવામાં આવેલ

**(૧) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટકેમ્પઃ** તારીખ . ૩-૨-૧૩ને રવિવારના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કાર્ડીયાક સર્જન ડૉ. ભુપેશ ડી. શાહ એ સેવાઓ આપેલ. તેમજ નારાયણા હદયાલયા હોસ્પિટલ, રખિયાલ, અમદાવાદનો સહકાર મળેલ. તેમજ ડૉ. અભિષેક પરમાર (કાર્ડીયાક સર્જન), શ્રી આનંદભાઈ (ઈકોટેકનીશીયન) તેમજ શ્રી આલોક પંડયા (માર્કેટીંગ ઓફીસર)એ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૭૨ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓનું નિદાન કરવામાં આવેલ. ૪૮ દર્દીઓના ઈ. સી. જી. ફ્રી કરવામાં આવેલ. ૫૦ (પચાસ) દર્દીઓનો ઈકો રાહત દરે રૂા. ૧૫૦/- લેખે કરવામાં આવેલ. તેમજ જરૂરીયાતવાળા ૨૮ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવેલ. ૪૫ દર્દીઓને એન્જીયોગ્રાફી માટે તેમજ અન્ય વધુ સારવાર માટે રીફર કરવામાં આવેલ છે.

**(૨) શ્રી નટવરલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સોળમી ચશ્મા શિબિર :** દર વર્ષની જેમ ચાલુ વર્ષે આગામી તારીખ : ૯-૩-૧૩ને શનિવારના રોજ વસાદરા (પરબીયા) મુકામે તથા તા. ૧૦-૩-૧૩ને રવિવારના રોજ મીઠાનામુવાડા તા. ઠાસરા મુકામે યોજવામાં આવેલ છે.

આ કેમ્પમાં મુંબઈથી મેસર્સ કે. મનોહર એન્ડ કું. નો સહકાર મળે છે. બંન્ને ગામોએ રજીસ્ટ્રેશન માટે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીને મળીને કામગીરી સોંપેલ છે. તેમજ જરૂરી યોગ્ય પ્રચાર કરેલ છે.

**હોસ્પિટલની વિગતમાં આંકડાકીય માહિતીઃ**

બાલાસિનોરની કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં વિવિધ વિભાગોની તા. ૧-૪-૧૨ થી તા. ૩૧-૧-૧૩ દરમ્યાન ની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગનું નામ | લાભ લીધેલ દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | કુટુંબ કલ્યાણ કાર્યક્રમ | ૬૨ |
| (૨) | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) ગાયનેક વિભાગ | ૭૨૩૮ |
| (૩) | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોક્સી) સર્જીકલ વિભાગ | ૯૩૬૮ |
| (૪) | મોજીલાલ છોટાલલ ધારીઆ ફીજીયોથેરાપી વિભાગ | ૮૨૬૬ |
| (૫) | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સક વિભાગ | ૨૨૯૬ |
| (૬) | રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ | ૩૧૪૨ |

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ ઓપરેશન મિતીઃ**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ (ઝાટ) | મિતી જેઠ સુદ - ૧૪ |
| (૨) | દેવસ્મીતાબેન નટવરલાલ શાહ (ઝાટ) | મિતી પોષ વદ - ૧૨ |

**દાતાશ્રીઓનો સન્માન સમારંભ**

દરવર્ષની જેમ ચાલુ વર્ષે હોસ્પિટલ ટ્રસ્ટમાં દાન આપનાર દાતાશ્રીઓનો એક સન્માન સમારંભ આગામી તા. ૨૦-૩-૧૩ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે બાલાસિનોર ખાતે ‘શ્રી શશીકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાળા) કેમ્પસ’માં રાખવામાં આવેલ છે. તો સર્વે બાલાસિનોરવાસીઓ તથા મુંબઈવાસીઓને પધારવા વિનંતી છે.

**Please Visit Our Website : www.kmghospital.org**

**માનદ્ મંત્રીશ્રીઃ શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## સમાજનાં દાતાશ્રીઓને અપીલ

બદલાતાં સમયની સાથોસાથ શૈક્ષણિક ખર્ચ પણ કુદકે ને ભુસકે વધી ભલભલાં ને નાહિંમત કરી રહ્યો છે. આવા કપરા સંજોગોમાં, કેટલાય ઉત્સાહી વિદ્યાર્થીઓની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં વિદ્યોતેજક મંડળ/ટ્રસ્ટને પણ ખેંચ વર્તાય છે. સમાજનો કોઈપણ વિદ્યાર્થી આર્થિક સંકડાશને કારણે ભણતરમાં અગવડ ના ભોગવે એ હેતુને વરેલ વિદ્યોતેજક મંડળ/ટ્રસ્ટ તેથીજ સમાજના દાતાઓ સમક્ષ ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ રજુ કરે છે અને આશા વ્યક્ત કરે છે, કે સમાજના ઉદાર દિલ દાતાઓ હંમેશ માફક દાનના પ્રતિસાદ વડે આ યોજનાઓને અપનાવી લેશે. નીચે મુજબની યોજનાઓ માટે દાતા / પુરસ્કરતા આવકાર્ય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. કન્યા શિક્ષણ યોજના | - | Girls Education Scheme. | Rs. 11,00,000 |
| ૨. મેડિકલ શિક્ષણ યોજના | - | Medical Education Scheme. | Rs. 11,00,000 |
| ૩. એન્જીનિયરીંગ શિક્ષણ યોજના | - | Engineering Education Scheme. | Rs. 11,00,000 |

**માનદ્ મંત્રીઓઃ શરદ નટવરલાલ દેસાઈ - મંજુલ શૈલેષ ધારીઆ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## અનુકરણીય દાન / દાન વચન

**ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન / દાન વચન મળેલ છે.**

૧. શ્રી જતીન નવનીતલાલ દેસાઈ તરફથી પુત્ર દૈશિકના લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ).

૨. વાડસોલ કર્મવીર શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ તરફથી તેમના ધર્મપત્ની શ્રીમતી કોકિલાબેન મણીકાંત કડકીઆના નામે રૂા. ૫૧,૦૦૦ (રૂા. એકાવન હજાર).

૩. શ્રી હિતેશ કીરીટભાઈ કડકીઆ (ફાડીયા) તરફથી રૂા. ૩૦,૦૦૦ (રૂા. ત્રીસ હજાર).

૪. શ્રી વિપુલ બાબુલાલ ગાંધી (મુંબઈવાળા) તરફથી પુત્ર હર્શિતના લગ્ન પ્રસંગે રૂા. ૨૧,૦૦૦ (રૂા. એકવીસ હજાર).

૫. શ્રી અનીશ અરવિંદકુમાર મોદી (કારકુન) તરફથી માતુશ્રી શ્રીમતી તરૂલતા અરવિંદકુમાર મોદી (કારકુન)ની સ્મૃતિઅર્થે રૂા. ૨૧,૦૦૦ (રૂા. એકવીસ હજાર).

**મંડળ દાતાશ્રીઓનો અને તેમના પરિવારોનો હૃદયપૂર્વક આભાર માને છે.**

**માનદ્ મંત્રીઓઃ શરદ નટવરલાલ દેસાઈ - મંજુલ શૈલેષ ધારીઆ**

## મંદિરમાં એકવાર દર્શને ગયો

હજાર રૂપિયાની લાંચ આપી, ભગવાન સન્મુખ ગોઠવાયો, પણ આશું ?

માથે પાંચ કરોડનો સોનાનો મુગટ, ને અંગે જામા જરકશી છતાં એ ભગવાનની આંખમાં ઉદાસી ?

ભ્રમ હશે માની,

બે હાથ જોડી. આંખ બંધ કરી, મનોમન હિસાબ માંડયો, ધજા ચડાવવાના પાંચ હજાર, છપ્પન ભોગના દસ હજાર, ભગવાન Tender પાસ કરાવી દે તો સોદો ખોટ નો નથી.

મનોમન હરખાઈ આંખ ખોલી નજર માંડી

વળી એક ઉદાસી ?

કદાચ કહેવા માંગતી હતી કે,

ગામના રાવજી ના છોકરાને ભણવા કોઈ પાંચસો રૂપિયાની મદદ કરે તો ?

❖❖❖

### હથેળીમાં દરિયો ને ટેરવે દુસ્કાર છે

જીત અને હારની વચ્ચે જુઓ તો
ચાર આંગળનું જ માપ છે
ધારે તો તું ધીરુભાઈ નહિ તો ધીરીયો
ભાઈ, એ બાજી તારા હાથમાં જ છે.
બાકી તો, જો અને તો, if and Buts,
પણ અને બણ બધી મન બેહલાવા નીજ વાત છે.

**– રૂપેશ પરીખ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Dinkarlal Ramanlal Shah (Chakuda)**
   Asmita No.-2, Flat No.-6, 4th Floor
   Malbar Hill, (Near Teen Batti)
   Mumbai - 400 006
2. **Bharat Manikant Kadakia (Dhanghela)**
   Poonam Darsan Co.op. Hsg. Society
   "A" Wing, Flat No.-505, 5th Floor
   Off. Shiv Vallabh Cross Road
   Ashok Van, Rawal Pada Market
   Dahisar (East), Mumbai - 400 068
   Mobile: 9833528477
3. **Tushar Babulal Shah**
   504 Anurag Bldg, 5th Floor,
   9, Banganga Road, Walkeshwar
   Mumbai - 400 006

## શુભ લગ્ન

- **દર્શન** યોગેશ પરીખ (જુનાગઢવાળા)
  **મુદિતા** વસંતભાઈ કોટડીયા
- **નિરાલી** સંજય ચંદ્રકાંત મોદી
  **રાહુલ** અશોકભાઈ મહેરા

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કોકીલાબેન દીલીપ ધારીયા (દલાલ) | ૭૪ |
| પરાગ સતીશચંદ્ર પરીખ (રોકડીયા) | ૫૮ |
| જયંતીલાલ છગનલાલ કડકીયા (વલ્લભઘેલા) | ૮૬ |
| ઉર્વીષ બિપિનકુમાર કડકીયા (ફાડિયા) | ૫૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## તેજસ્વી તારલાં

**કુ. રિધ્ધી સપના શાહ** મહારાષ્ટ્ર ટેલન્ટ સર્ચની ડ્રોઈંગ કોમ્પીટીશનમાં આખા મહારાષ્ટ્રમાં પ્રથમ આવેલ છે. માનવમંદિર સ્કુલમાં બીજા ધોરણમાં ભણતી રીધ્ધિને સંસ્થાવતી અભિનંદન.

### મનની દુર્બળતા

**પોતના વિષે લખે છે, મારા વિચારના વિકાર ક્ષીણ થતાં જાય છે. તોએ એનો સદંતર નાશ નથી થઈ શકતો. જો હું વિચારો પર પૂર્ણ વિજય મેળવી શક્યો હોત તો છેલ્લા દસ વરસમાં જે ત્રણ રોગ મને થયાં તે ક્યારેય ન થાત.**